ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર માસિક

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિ

અંક -૪ | ૧ મે-૨૦૧૫ | પાના-૮ | લવાજમ વાર્ષિક - રૂા.૧૦૦/-

## રાજવાણી - રાજબોધ

**આહાર, વિહાર, નિહાર**

■ આહાર કરવો નહી. આહાર કરવો તો પુદ્ગલના સમૂહને એકરૂપ માની કરવો, પણ લુબ્ધ થવું નહી.

■ રસાદિક આહાર તજવો. પૂર્વ ઉદયથી ન તજાય તો અબંધપણે ભોગવવો.

■ વિશેષ પ્રસાદ લઉં નહી. સ્વાદિષ્ટ ભોજન લઉં નહી.

■ માંસાદિક આહાર કરું નહી.

■ આહાર અનુક્રમે ઓછો કરવો (લેવો).

■ ભગવાન જિને આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ (આહારગ્રહણ) મુનિઓને ઉપદેશી. (તે પણ શા અર્થે?) માત્ર મોક્ષસાધનને અર્થે. મુનિને દેહ જોઈએ તેના ધારણાર્થે. (બીજા કોઈ પણ હેતુથી નહી.) સર્વ જિન ભગવંતોએ આશ્ચર્યકારક (અદ્ભુત ઉપકારભુત) એવું તપ: કર્મ નિત્યને અર્થે ઉપદેશ્યું. (તે આ પ્રમાણે:) સંયમના રક્ષણાર્થે સમ્યક્વૃત્તિએ એક વખત આહારગ્રહણ. (દશવૈકાલિકસૂત્ર).

■ આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

■ આહાર, વિહાર, આળસ, નિંદ્રા ઈત્યાદી વશ કરવાં.

■ આહારની વાત એટલે ખાવાના પદાર્થોની વાત તુચ્છ છે તે કરવી નહીં. વિહારની એટલે સ્ત્રી, ક્રીડા આદિની વાત ઘણી તુચ્છ છે. નિહારની વાત તે પણ ઘણી તુચ્છ છે. શરીરનું શાતાપણું કે દીનપણું એ બધી તુચ્છપણાની વાત કરવી નહીં. આહાર વિષ્ટા છે. વિચારો કે ખાધા પછી વિષ્ટા થાય છે. વિષ્ટા ગાય ખાય તો દૂધ થાય છે; ને ખેતરમાં ખાતર નાખતાં અનાજ થાય છે. આવી રીતે ઉત્પન્ન થયેલ અનાજનો જે આહાર તેને વિષ્ટાતુલ્ય જાણી, તેની ચર્ચા ન કરવી. તે તુચ્છ વાત છે.

■ સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.

■ આહાર, વિહાર અને નિહારનો નિયમિત એ વાક્યનો સંક્ષેપાર્થ આમ છે:-

■ જેમાં યોગદશા આવે છે, તેમાં દ્રવ્ય આહાર, વિહાર અને નિહાર (શરીરના મળની ત્યાગક્રિયા) એ નિયમિત એટલે જેવી જોઈએ તેવી, આત્માને નિર્બાધક, ક્રિયાથી એ પ્રવૃત્તિ કરનારો.

■ નિ:સ્વાર્થપણે વિહાર કરું..........- **શ્રીમદ્ રાજચંદ્ર,**

**સંકલન: સરોજબેન જયસિંહભાઈ, દેવલાલી.**

## ચિંતનના ચોતરેથી

૧. આપણે મંદિરના ધર્મને બજાર સુધી આવવા જ નથી દીધો. એટલે થયું શું? ધર્મ અને વ્યવહારનો સંબંધ જ ન રહ્યો, મંદિરનો ધર્મ બજારમાં તો ન પ્રવેશ પામ્યો પરંતુ બજારનો અધર્મ મંદિરમાં ઘૂસી ગયો.

૨. રોગીએ યોગી બનીને જવાનું છે.

૩. માણસોએ પોતાની ગલી કુંચીમાંથી બહાર આવવું જોઈએ તો જ એને ખ્યાલ આવે કે રાજમાર્ગ કોને કહેવાય.

૪. રેતીના રજકણને હાથમાં લો તો એ રજકણ પણ સુવર્ણકણ થઈ શકે પુરુષાર્થથી.

૫. જે લોકો હોઠ પર રાવ ફરિયાદનું ચિતરામણ કરે છે એનાથી સ્મિત સો જોજન દૂરને દૂર થતું જાય છે.

૬. માણસે પોતાને પણ ક્યારેક કાગળ લખવો જોઈએ, જો એને પોતાનું સરનામું મળે તો.

૭. સર્જકતાના ધૂળિયે મારગ ચાલવાની કોઈની તૈયારી નથી. દરેકને એવોર્ડ અને સુવર્ણચંદ્રકોના શોર્ટકટથી સત્ય સુધી પહોંચવું છે આ કેટલી મોટી ભ્રમણા છે.

૮. આપણે સૌ માત્ર વાણીને જાણીએ છીએ, વાણીના ગૌરવને નહિ રવ (શબ્દ)નો સામો કિનારો નીરવ (મૌન) નો છે. ક્યારેક જો શબ્દ કારગત નીવડે છે તો અશબ્દ પણ ક્યારેક કામિયાબી બની શકે છે. પરંતુ શબ્દના ચીરસંગાથી મનુષ્યને શબ્દના સથવારામાં જેટલું ગમે છે તેટલી તેને નીરવતા પસંદ નથી. જીવનની આ સમગ્ર રઝળપાટમાં એનો વધુમાં વધુ સંગાથ આ વૈખરી (વાણી) કરે છે અને એનું કારણ કદાચ એ છે કે માનવી પોતાના અંત:સ્તલના કોઈ ખૂણામાં કશુંક છુપાવીને બેઠો છે કે જેને વીસરવા માટે એ સતત મુખરિત રહ્યા કરે છે.

૯.જીવન એટલે મૃત્યુને અલ્પ સમય માટે ટાળવું - શોપેનહાર

૧૦.માનવીનો સાચો મિત્ર તો એના હાથની આંગળીઓ જ છે. - રોબર્ટ કોલિપર

૧૧. એકની મૂર્ખાઈ બીજાનું નશીબ છે.

૧૨. જે વ્યક્તિનું મોત મહાન ઉદેશ્ય માટે થાય છે, તે કદી અસફળ નથી હોતી - બાયરન

૧૩. જીવન આપણે ધારીએ છીએ તેટલું દુ:ખમય નથી. પણ આપણે ધારીએ એટલું સુખમય, જરૂર એને બનાવી શકીએ.

## સ્વાનુભવ વિના સિદ્ધિ નથી

વિજ્ઞાન, ધર્મ, સાહિત્યસર્જન, કલા, લોકસેવા, અધ્યાત્મ કોઈ પણ ક્ષેત્ર હોય, વ્યક્તિએ સ્વાનુભવમાંથી પસાર થવું પડે છે, તેના વગર લક્ષ્યસિદ્ધિ સંભવિત નથી. ઘરની ચાર દિવાલોમાં આરામખુરસી પર બેસી રહે તો વૈજ્ઞાનિક જગતને નવતર સંશોધનની ભેટ ધરી શકતો નથી. રાજકુમાર સિદ્ધાર્થે રાજમહેલના વૈભવમાં નિત્ય રમમાણ હોત તો જગતને 'બુદ્ધ' ન મળ્યા હોત. અધ્યાત્મપથના યાત્રિકનું અનુભવ-વિશ્વ સ્થૂળથી પર સૂક્ષ્મ સ્તરે વિસ્તરે છે. ઈન્દ્રિયો અનુભવનાં પ્રથમ દ્વાર છે. વૈજ્ઞાનિક તટસ્થભાવે નિરીક્ષણો અને પ્રયોગો કરે છે. ત્યાર બાદ કાર્યકારણ સંદર્ભે પ્રાક્કલ્પના (Hypothesis) રચે છે. સઘન પ્રયોગો કરી તેને ચકાસે છે, તર્કબુદ્ધિથી સાબિત કરે છે અને અંતે પ્રાક્કલ્પના વૈજ્ઞાનિક સિદ્ધાંત બને છે. સમગ્ર પ્રક્રિયા બહુ જટિલ હોય છે. જગતની હરેક ચીજની ચકાસણી અનુભવની એરણ પર થાય પછી જ સત્યસ્વરૂપે તે સ્વીકૃતિ પામે છે.

કવિ યા લેખક પણ અવલોકન મારફતે અનુભવની સંકુલ ગતિવિધિમાંથી પસાર થાય છે. પછી ચિંતન (દર્શન) નો તબક્કો આવે છે. અંતે સંવેદનશીલતાનું રસાયણ તેમાં ભળે છે અને કલાત્મક શબ્દરૂપ પકડે છે. આ જ છે સર્જન. ઊખર ભૂમિમાં વૃક્ષ વાવી શકાતું નથી. માત્ર કલ્પના કે પરાનુભવને આધારે લખાતું સાહિત્ય સશક્ત નથી હોતું.

સ્વાનુભવમાં વ્યક્તિના સત્ત્વને પૂર્ણતયા પ્રગટ થવાનો અવસર મળે છે, જે અંતે ક્રિયાસિદ્ધિમાં પરિણમે છે. અનુભવ સંપન્ન ચેતનામાં એટલી તાકાત હોય છે કે વ્યક્તિ એનો આવિષ્કાર કર્યા વગર રહી શકતી નથી. ભલે સમાજ એનો ઉગ્ર વિરોધ કરે, એને સજા કરે, જેલમાં પૂરે કે શારીરિક-માનસિક પીડા આપે. જગતની વિડંબના તો જુઓ! જડ પરંપરાથી ચીલો ચાતરીને સત્યનો નૂતન પ્રકાશ પાથરનારા મહાપુરુષોનું જીવતર કષ્ટમય બનાવી દેવામાં આવ્યું હતું, પ્રાણ હરવા સુધી!! ગેલેલિયો, સોક્રેટિસ, મીરાં, ગાંધીજી, લિંકન... યાદી અનંત છે. - **શાંતિલાલ ગઢિયા (વડોદરા)**

## મકનજીના વિશેષ દુહાઓ

**૧) ખડ લણયે દાણા મળે તો ખેતી કરત ન કોઈ**
**વિણ સાધન હરિ જો મળે, તો પામત (હરિ) હરકોઈ,**
**૨) મરને તળિયે જીવીયે, દુનિયા દેખે નેં,**
**મકના એવી છીપ થા કે મોતી પાકે મૈં.**
**૩) હરિ કહ્યે હરિ ના મળે હરિને ખોળે કોક**
**મકના સાચી ભૂખ વિણ શોધ ખોળ સહુ ફોક,**
**૪) જળ વિણ પડે તિરાડ ખેતરમાં ત્યમ જીવમાં,**
**હરિ વિણ ફાટે હાડ તો ઈ વરસ્યા વિણ ના રિયે,**
**૫) ગંગજળ સમ પુનિત મુજ મન થયું કહે કબીર,**
**પણ ગંગા તો બોલી નથી કે મકન પુનિત મમ નીર.**
**૬) દરિયે હદ બાંધી ભલે, ઈમ પ્રેમે રાખી નૈં,**
**પડતાં પડ્યાં એ પ્રેમમાં, હવે કાંઠો ઈચ્છીએ નૈ.**

**- કવિ મુકુંદરાય વિ. પારાશર્ય**

## શ્રદ્ધાની પરાકાષ્ઠા

રોમનો જુલમી શાસક નીરો રોમની તમામ પ્રજાને ખોફ હેઠળ રાખતો હતો, પણ કેટલાક માણસો નીરોનો બિલકુલ ડર રાખ્યા વિના તેના જુલમો સામે અવાજ ઉઠાવતા હતા. એવા ગણ્યા-ગાંઠ્યા નિર્ભિક માણસોમાં ફિલોસોફર એગ્રિપિનસનો પણ સમાવેશ થતો હતો.

એગ્રિપિનસ હંમેશાં સત્યના પક્ષે જ રહેતા હતા અને સમ્રાટ નીરો કંઈક ખોટું કરે ત્યારે તેઓ બેધડક તેની સામે અવાજ ઉઠાવતા હતા.

સમ્રાટ નીરોએ એગ્રિપિનસને ઘણી વાર કહેવડાવ્યું કે, 'મારા વિરુદ્ધ બોલવાનું બંધ કરી દો નહીં તો પરિણામ સારું નહીં આવે.' જે દૂત આવો સંદેશો લઈને આવે તેને એગ્રિપિનસ કહેતા કે, 'જે કંઈ બની રહ્યું છે કે બનવાનું છે એ ઉપર વાળાના હાથમાં છે એટલે મારે નીરોથી ડરવાની જરૂર નથી.'

સમ્રાટ નીરોએ પોતાના માણસોને કહ્યું કે, 'એગ્રિપિનસને એટલી પરેશાન કરી નાખો કે તે રોમ છોડીને બીજે ક્યાંક ચાલ્યો જાય.'

નીરોના ચમચાઓ એગ્રિપિનસને પરેશાન કરવા માંડ્યા, પણ એગ્રિપિનસે એ બધી પરેશાની ગણકારી નહીં. છેવટે નીરોએ ઉશ્કેરાઈને તેને દેશનિકાલ કરવાની સજા સંભળાવી.

નીરોના માણસો એગ્રિપિનસને ત્યાં પહોંચ્યા ત્યારે એગ્રિપિનસ જવાની તૈયારી કરી રહ્યા હતા. અધિકારીઓએ તેમને જમવા પણ ના દીધા. તેમણે કહ્યું કે સમ્રાટનો આદેશ છે કે તમારે આ જ ક્ષણે રોમમાંથી પ્રયાણ કરી જવાનું છે.

નીરોના એક ચમચાએ એગ્રિપિનસની હાંસી ઉડાવતા કહ્યું કે, 'હજી પણ તું એવું કહીશ કે બધું ઉપર વાળાને આધીન જ છે ? આ જો આજે તારે દેશનિકાલ થવાનો વારો આવ્યો. હવે આમાં ઉપરવાળો ક્યાં તારી વહારે આવ્યો ?'

એગ્રિપિનસ હસ્યા. તેમણે કહ્યું કે, 'નીરો જેવા જુલમી સમ્રાટે મને દેહાંત દંડને બદલે માત્ર દેશનિકાલની જ સજા કરી. આવું ઉપરવાળાની મારી પર દયા છે એના કારણે જ બન્યું છે !'

**- ''સુખનો પાસવર્ડ'', સૌ. મુંબઈ સમાચાર**

## અંતરમુખ થાવ

**પરથી પ્રીતિ જે કરે, અંતરમુખ ન થાય,**
**સાધક થઈને જો ચુકે, સમકિત ક્યાંથી થાય ?**
**બાહર શોધ્યે નહી જડે, ખાંસો મોટી થાપ,**
**અંદર દ્રષ્ટિ થાય તો, સમકિત આપોઆપ**
**આ જગતમાં એક જ જગ્યાએ સુધારો થઈ શકે છે**
**અને તે તમારા અંત:કરણમાં**

**આર્ડસ હકસલી, પ્રજ્ઞાચક્ષુ મનુભાઈ દોશી ,**
**અમદાવાદ.**

**પાની પીલાવન ક્યું ફિરે**
**ઘરઘર શાયર વારી**
**તૃષાવંત જો હોયગા**
**પીયેગા જખમારી - કબીરજી**

## તંત્રી સ્થાનેથી - લોક જાગૃતિના અભાવે અટવાતુ "સ્વચ્છ ભારત" અભિયાન

સ્વચ્છતા જેવી બાબતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો જેટલી જ, બલ્કે વધારે જવાબદારી નાગરિકોની પણ છે. સ્વચ્છતા બાબતમાં ફક્ત સરકાર ધ્વારા જ બધી અપેક્ષા ના રાખી શકાય. સરકારનું કામ ટોઈલેટ બનાવવાનું કદાચ હોઈ શકે. પરંતુ તેની સ્વચ્છતા અને જાળવણીની જવાબદારી નાગરિકોની છે.

સરકારે સ્વચ્છ ભારત માટે ૨૬૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પણ એક રીપોર્ટમા એમ જણાવેલ કે ખરેખર પાંચ વરસમાં ૧,૩૩,૦૦૦ કરોડની જરૂર છે એટલે કે વરસે ૨૬ હજાર કરોડથી વધુ નો ખર્ચ કરવો પડે એટલે ૨૬૨૫ કરોડ તો ચણા મમરા જેવી રકમ છે. પણ આ રકમ આવે છે ક્યાંથી? આપે છે કોણ? આપણા જ કરવેરામાંથી એ આવે છે અને આપણે જ ચૂકવીએ છીએ. આમાંથી ૧૫ ટકા તો લોક જાગૃતિ માટે ખરચવાની વાત છે. એટલે કે દેશભરમાં સંદેશ આપતા બેનરો, ચોપનિયાઓ અને જાહેરખબરો માટે સરકારે જંગી ખરચો કરવો પડે અને માધ્યમોની મદદથી અભિયાન ચલાવવું પડે.

વિકાસશીલ દેશોમાં આ માટે જાગૃતિ સહજ છે. ત્યાં કોઈ જાહેરાતો કે ચોપનિયા માટે ખરચો નથી કરતાં. પ્રજા સહજ પોતાની ફરજ સમજીને આ કાર્ય કરે છે. આપણને પરદેશ વસ્તુઓનો મોહ છે તો પરદેશની આ સારી બાબત સફાઈની અપનાવી ન શકાય? શા માટે સરકારે આવો ખોટો ખરચો કરવો પડે ? શા માટે આપણા સમય અને સંપતિ આપણી જ ભૂલ માટે ખરચવા પડે ? વિચારવા જેવું છે. આ દેશના પાયામાં અધ્યાત્મ છે. અનેક સંપ્રદાયોના લાખો સાધુ સંતો સન્યાસીઓ સાધ્વીઓ ભારતમાં છે અને પ્રજા પર એક જબરદસ્ત પકડ આ સાધુઓની છે. હમણા જ વોરાઓના ધર્મગુરુ શ્રી સૈયદના સાહેબે સફાઈ અભયિાન એક દિવસ કરેલ તો તે દિવસે તેમના અનુયાયીઓ જ્યાં પણ હતા દેશના બધે ખૂણે તેમણે એ દિવસે સફાઈ કરેલ એમ જ સ્વામીનારાયણ સંપ્રદાયે આવું જ એક દિવસ સફાઈ અભિયાન ચલાવેલ તો તેમના બધા અનુયાયીઓ તેમાં જોડાયેલા.

નરેન્દ્રમોદીને સારું લગાડવા કે છાપામાં ફોટા આવે એટલે નહિ પણ આ પ્રશ્ને બધા સંપ્રદાયના સાધુઓ આ કાર્યને ઉપાડી લે તો આપણા હજારો કરોડો ખરચાવાના છે માત્ર જાહેરાત કે ચોપાનિયામાં તે બચી જાય તેમ છે. સાધુઓ આ પ્રત્યે લક્ષ આપે કે સજ્જનો સાધુઓને આ પ્રત્યે ધ્યાન દોરે અને તેમના રોજબરોજના ઉપદેશમાં સફાઈની વાતને વણી લે તો કામ ઘણુંજ સરળ થઈ જાય તેમ છે. ફરી કહીએ છીએ કે સફાઈ અને ગોરક્ષા એ બંને એક સિક્કાની બે બાજુ છે. સફાઈ રાખવી -જાળવવી આપણી પ્રથમ ફરજ છે એ આપણે ન ચૂકીએ અને ગોરક્ષાએ પરમાત્માની-ઈશ્વરની ફરજ છે એ જ આપણને સાચો રસ્તો સુઝાડશે ગોરક્ષા માટે, પણ પ્રથમ ફરજ સફાઈ કરીએ તો થાય તેમ છે. આપણે સ્વતંત્રતા જરૂર મળેલ છે પણ સ્વતંત્રતાનો સાચો અર્થ છે એ આઝાદી સાથે આવતી તમામ જવાબદારીઓનો પણ પૂરી નિષ્ઠા સાથે સ્વીકાર કરીએ અને એનું પાલન કરીએ.

નેપાલની ટ્રેઝેડી ફરી ચેતવે છે. કુદરતની સાથે બાથ ભીડવાને બદલે કુદરતે આપેલી મર્યાદાનું સન્માન કરીએ અને નિયમોનું પાલન કરીએ. કુદરતની લાકડી દેખાતી નથી પણ એ સહેવાય નહી એવો માર હોય છે. હજી સમય છે જાગીએ આપણી ફરજ બજાવીએ હકતો સામેથી આવી મળશે.

## અનોખો પ્રચાર કરે છે આ સજ્જન

કાંદિવલીમાં પ્લૅટફૉર્મ-નંબર એક પરથી પસાર થતાં અનોખી રીતે સ્વચ્છતા-અભિયાનનો પ્રચાર કરતા એક ભાઈ જોવા મળ્યા હતા. તેમણે પોતાની આગળ તથા પાછળ સ્લોગન લખ્યાં હતાં અને પ્લૅટફૉર્મ પર લોકોને દેખાય એમ ઊભા રહી આ સંદેશ લોકો સુધી પહોંચાડતા હતા.

રમેશ ડોંગરે નામના આ ભાઈ 'મિડ-ડે'ને કહે છે, 'સમાજ તો જ પ્રગતિ કરી શકશે જ્યારે દેશ પ્રગતિ કરશે અને આ માટે આપણે જાતે જ આપણા દેશને, આપણી આસપાસની જગ્યાને સ્વચ્છ રાખવી પડશે. લોકોએ પોતાના મનથી જ પ્રણ લેવું જોઈએ કે અમે ધૂમ્રપાન નહીં કરીએ, ગંદકી નહીં ફેલાવીએ. જ્યારે દરેક જણ આવું વિચારશે ત્યારે જ આ બધાં વ્યસનોમાંથી દેશને તથા લોકોને મુક્તિ મળશે. હું અહીં છેલ્લાં ચાર વર્ષથી લોકોને આવી જ રીતે સંદેશ આપું છું. રોજ હું આખા દિવસમાં કોઈ પણ સમયે એક કલાક આ રીતે પ્લૅટફૉર્મ પર ઊભો રહું છું. સ્ટેશન પર લોકોની વધુ અવરજવર હોય છે ત્યારે વધુ ને વધુ લોકો આ સંદેશ વાંચે અને એને અમલમાં મૂકે એવો પ્રયાસ કરું છું. વધુ ને વધુ લોકો સુધી મારો સંદેશ પહોંચે એવી આશાથી હું આ કાર્ય કરું છું. મને આ કાર્ય કરતાં ખૂબ આનંદ થાય છે.'

**તા.૩.૪.૧૫ ના મિડ-ડે માંથી સાભાર.**

## રાજસ્થાનના પિપલાંત્રી ગામમાં દીકરી જન્મે તો ૧૧૧ વૃક્ષો વાવવામાં આવે છે

ભારતમાં કન્યાભ્રુણ હત્યામાં અગ્રેસર હોય એવાં ગામોની કોઈ કમી નથી, પણ રાજસ્થાનના પિપલાંત્રી નામના ગામની વાત જ કંઈક ઑર છે. આ ગામમાં કોઈનાય ઘરે દીકરી જન્મે તો તેમના પરિવારજનો આ પ્રસંગની ઉજવણી ૧૧૧ વૃક્ષો વાવીને કરે છે. આ ગામમાં દીકરી જન્મે ત્યારે જ તેની આર્થિક સિક્યૉરિટી માટેનું ભંડોળ એકત્ર કરવામાં આવે છે. આ ભંડોળની રકમ પણ ફિક્સ છે. ગામલોકો ૨૧,૦૦૦ એકઠા કરે છે અને ૧૦,૦૦૦ દીકરીના પેરન્ટ્સ પાસેથી લઈને દીકરીના નામે ફિક્સ્ડ ડિપોઝિટ કરીને મૂકવામાં આવે છે. આ ફિક્સ્ડ ડિપોઝિટ જ્યારે દીકરી ૨૦ વર્ષની થાય ત્યારે તોડી શકાય. એટલું જ નહીં, ગામલોકો પેરન્ટ્સ પાસે લખાવી લે છે કે દીકરીને યોગ્ય ભણતર આપવામાં આવશે અને કાયદાકીય ઉંમરે પહોંચ્યા પહેલાં દીકરીનાં લગ્ન નહીં કરાવે.

આ ટ્રેડિશન શ્યામ સુંદર પાલીવાલ નામના પિપલાંત્રીના એક રહેવાસીએ શરૂ કરી છે. આ ભાઈએ તેમની દીકરી ખૂબ નાની ઉંમરે ગુમાવી દીધી હતી એને કારણે તેમણે ગામલોકોને દીકરીની કેળવણી માટે જાગૃત કર્યા છે. છેલ્લાં ૭-૮ વર્ષથી ચાલી રહેલી આ પ્રથાને કારણે હવે તો ગામલોકોએ ઉગાડેલાં વૃક્ષો ફળ આપતાં થઈ ગયા છે અને ગામના લોકો માટે સહિયારી આવક રળી આપતાં થઈ ગયાં છે.

**- સૌ. મિડ-ડે**

**આપણે ક્યારેય એવી વાત નહીં કરવી જોઈએ કે સાચી હોવા છતાં ખોટો સંદેશો પહોંચાડે**

# મહાજન ગૌશાળાના પ્રાણ મુકુંદભાઈ

ભાવનગરની ગૌશાળાનું ગૌરવ વધારનાર, આવક ઉગાડનાર ગોમૂત્રનો વિશાળ ફલકમાં ગોમૂત્ર અર્ક બનાવી હજારો દર્દીઓને સામાન્ય તેમજ અત્યંત ગંભીર રોગોમાં પણ સારા કરનાર, જેવીક ખાતરના સ્વહસ્તે પ્રયોગો કરી ખેડૂત પૂત્રોના પ્રખર શિક્ષક જન્મે બ્રાહ્મણ પણ કર્મે ગોવાળ એટલે મુકુંદભાઈ ત્રિવેદી.

ભાવનગર નજીકના ગામડામાં જન્મ તેમજ ઉછેર થયો, કક્કો ઘૂંટ્યા પછી ઉતમોત્તમ શિક્ષક મળ્યા, નાનાભાઈ ભટ્ટ, મુળશંકરભાઈ ભટ્ટ જેવા કર્મનિષ્ઠના હાથે કેળવાયા, મુકુંદભાઈએ આંબલાનું શાળા જીવન આજ પર્યંતના જીવનમાં તાણાવાણાની માફક ગૂંથી લીધું.

પાંચ વરસના પરિવ્રાજક પરિભ્રમણમાં ૨૦૧૧નું ચાર્તુમાસ ગૌશાળાની નાની કુટિરમાં કરેલ અને ત્યારે આ ગૌશાળાની ધબકતી જીવંત અને જાગ્રત વ્યક્તિના અત્યંત નિકટ પરિચયમાં આવવાનું થયેલ. પોતાના ઘેર પીરસાતી થાળીમાંની વાનગી કરતાં ગૌશાળાની ગમાણમાં શું, ક્યાં, કેટલું, કેવું પીરસાઈ છે તેની વધુ ચીવટ રાખતા આ મુકુંદભાઈને માણસ કરતાં તેમના અબોલ પ્રાણીઓ ઉપર વધુ વિશ્વાસ અને પ્રેમ. મુકુંદભાઈને મન ઘર, મંદિર, આરતી, કુમકુમ, પ્રદક્ષિણા અને પ્રસાદ આ બધું જ તેમની ગૌશાળા જ.

મુકુંદભાઈ સવારે દાખલ થાય કે પ્રથમ પરિસરમાંથી પ્લાસ્ટીક કચરો વીણે, બપોરે ગોવાળો સાથે ગાય દોહવા બેસે. પોતે સર્વે-સર્વા હોવા છતાં એમને મન કોઈ કામ નાનું મોટું ન હોતું શ્રમ એ જ એમને મન આશ્રમ. સાચા ગાંધીવાદી ગોપાલક.

શરૂમાં ગૌશાળા ખોટમાં ચાલતી હતી. પણ એક અત્યંત ગોપ્રેમી, અનુભવી શારદાનંદ મિશ્રાજીની સલાહ સહકાર સાથ મળ્યો અને અત્યંત આધુનિક વૈજ્ઞાનિક રીતે ગોમૂત્ર અર્ક બનાવવાનો શરૂ થયો. વિવિધ રોગો માટે વિવિધ જડીબુટી અર્ક બનાવી શરૂમાં એકાદ વરસ મફત વિતરણ કર્યું અનેક દર્દીઓના રોગો જડમૂળથી ગયા અને એ જ પ્રચારકો બની ગયા અને ખ્યાતિ એટલી બધી થઈ કે સહજ રોજે રોજનો અર્ક ત્યાં જ માત્ર સાંજે ૫ થી ૭ માં જ વેચાઈ જવા લાગ્યો અને એ પણ અત્યંત મામુલી કિંમતે પણ લાખોના ખર્ચના ખાડાઓમાંથી સમય સંપત્તિ પરિવારને ઉગારી લેનાર એ દર્દીઓ જ ગૌશાળામાં મદદગાર થતા ગયા અને ગૌશાળા કાયમી પગભર બની ગઈ.ગૌશાળામાં ગાયોને માત્ર દોહવા ટાણેજ બાંધવામાં આવે બાકી ગૌશાળામાં છુટી ફરી શકે જ્યાં પાણી-ઘાસચારાની સહજ વ્યવસ્થા હોય. ચરવું હોય ત્યારે ચરે આરામ કરવો હોય ત્યારે આરામ કરે.

ગુજરાતની આ શ્રેષ્ઠ ગૌશાળા બની, અનેક વખત ગૌશાળાના સાંઢ તથા ગાયોને અનેક એવોર્ડ અને ઈનામો મળ્યા છે. બીજાને લાભ મળે એટલે હરીફાઈમાં જવાનું બંધ કર્યું.

મુકુંદભાઈએ પશુ દવાખાનું શરૂ કર્યું. ડીગ્રીધારી પશુ ડોક્ટરોએ ત્યાં કોઈપણ જાતના માનધન વગર સેવા આપીને દવાખાનું માત્ર દવાના ખર્ચમાં જ ચલાવેલ. ડોક્ટરો ક્યારેક મુંઝાઈ જાય ત્યારે મુકુંદભાઈની સલાહ લઈને પશુઓને સાજા કરે એ બધું અમે નજરોનજર જોયું છે.

ગામના છેડે શરૂ થયેલ ગૌશાળા સમય જતા ગામની વચ્ચે આવી ગઈ છે. બીલ્ડરોની નજરમાં સોના જેવી જમીન આવી ગઈ. અનેક લાલચો, ધમકીઓ પણ મળી પણ મુકુંદભાઈ ન ડર્યા ન લાલચમાં લપટાણા ટ્રસ્ટીગણ પણ મુકુંદભાઈની વાત માનતા અને ગૌશાળા આજે ભાવનગર શહેર વચ્ચે ધબકી રહી છે.

હમણા ફેબ્રુ.૧૫ માં પૂ.કનીરામ બાપુએ મુકુંદભાઈના ભરોસે ૫૦૦વીઘામાં ધ્રાંગધાથી સાતેક કિ.મી. દૂર ઝઘડવા ગામમાં ગૌશાળામાં ૩-૪ કરોડના ખર્ચે ગૌશાળા માટે મકાનો ગમાણો વિ. વ્યવસ્થિત બનાવેલ છે. ગોસંવર્ધનનું મુખ્ય કાર્ય અહિં ચાલુ કરવાનું વિચારેલ છે. આના ઉદ્‌ઘાટનમાં પૂ.મોરારીબાપુના હસ્તે મુકુંદભાઈનું બહુમાન પણ થયેલ.

મહાજન ગૌશાળામાં ૯૦/૧૦૦ ગોધન હંમેશા રહે છે. ક્યારેય તેમના પશુઓ પાંજરાપોળમાં જતા નથી બલ્કે એમની વાછડીઓ તથા સાંઢોની હંમેશા પશુપાલકો-ખેડૂતોમાં માંગ રહે છે અને વિનામૂલ્યે આપવામાં આવે છે. મુકુંદભાઇ પાછા એની જાત તપાસ પણ કરતાં રહે અને જો બરાબર જાળવણી ન થતી લાગે તો એ પશુઓને પાછા પણ લઈ આવે. અનેક આશ્રમોને ગોપાલકોને, ખેડૂતોને ગાયો અને સાંઢ વિનામૂલ્યે આપ્યા છે. સાધુ સંતોના હંમેશા દિલથી તેમને આશીર્વાદ મળતા રહ્યા છે.

આવા મુકુંદભાઈ ૯ એપ્રિલ-૧૫ના આપણી વચ્ચેથી વિદાય થઈને પ્રભુને પ્યારા થયા છે. એમનો શોક કુટુંબને, ગૌશાળાને, સ્ટાફને, ડોક્ટરોને, ભાવનગરની જનતાને થાય જ પણ વધારે શોક તો ગાયોને થયો હશે. એ પ્રેમાળ નજર, હેતથી ફરતો હાથ હવે એ ક્યાં પામશે? અમે તો એક પરમ મિત્રને-સલાહકારને ગુમાવીને વંચિત થયા છીએ. પ્રભુ તેમના આત્માને તો શાંતિ આપશે જ એના એ હક્કદાર હતા. આપણને એમના જેવી ગોભક્તિ મળે એ જ આપણે પ્રભુ પાસે પ્રાર્થના કરીએ અને મુકુંદભાઈનો આત્મા જ્યાં હોય ત્યાંથી એવા આશીર્વાદ આપણને આપે એ જ ભાવના સાથે.**ૐ શાંતિ શાંતિ: શાંતિ:**

# દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ સમાપન સમારોહ

તા.૧૦.૪.૧૫ના રોજ સર્વોદય તીર્થ, મુંબઈ ઘાટકોપરમાં સમાપન અને સન્માનનો પ્રસંગ ઉજવાઈ ગયો. મૂળ માંગ તો સંપૂર્ણ માંસ નિકાશબંધી અને સંપૂર્ણ દેશમાં ગોવંશ હત્યા પ્રતિબંધની માંગ અર્થે દેવનાર કતલખાનાના ધ્વારે ૩૩ વરસથી સત્યાગ્રહ ચાલ્યો પણ મહારાષ્ટ્રમાં કાયદો બની જવાથી હવે ત્યાં ગોવંશ કતલ બંધ થઈ છે અને તેથી મહારાષ્ટ્રનો સત્યાગ્રહ આટોપી લેવાયો છે.

આ સત્યાગ્રહમાં લાખો લોકોએ ભાગ લીધો છે. સાધુસંતો પણ સહયોગી થયા છે. પ્રજાએ પણ તન મન ધનથી સહકાર આપ્યો છે. સત્ય, પ્રેમ, કરુણા અને અરાજકીય, અસંપ્રદાયિક, અહિંસાના આધાર પર સત્યાગ્રહ ચાલ્યો એ એની વિશેષતા રહી.

સત્યાગ્રહમાં તન મન ધનથી સહકાર આપનાર કેટલાય સત્યાગ્રહીઓનું સહયોગીઓનું બહુમાન કરવામાં આવેલ. ખાસ તો સર્વોદયતીર્થમાં દસ હજાર ફુટથી વધારેની જગ્યા તેત્રીસ વરસ સુધી મુંબઈ જેવા મેટ્રોપૉલીટન શહેરમાં વગર ભાડે આપી જે સહયોગ સર્વોદયતીર્થના મુળ સ્થાપક કાંતીલાલ મગનલાલ શાહ અને તેમના ગયા પછી હાલના ટ્રસ્ટી શ્રી હરીશભાઈએ આપેલ છે તેનો આભાર માનીએ તેટલો ઓછો છે. છેલ્લા કેટલાક વરસોથી ગોરક્ષા સત્યાગ્રહ સંચાલન સમિતિના હરીશભાઈ સંચાલક છે અને માર્ગદર્શક પણ રહ્યા છે. અને આખરમાં મહારાષ્ટ્ર પૂરતી સફળતા મળેલ છે.

# ગૌવંશ હત્યા પ્રતિબંધ : ખેતીવાડી સહિત અર્થતંત્રને પુન : ધબકતું કરી શકશે

મહારાષ્ટ્રમાં ગૌવંશ હત્યા પર પ્રતિબંધ આવ્યો છે. દેવનારના કતલખાનામાં દૈનિક ધોરણે તંદુરસ્ત અને ખેતીવાડીમાં ખપ આવે તેવા બળદોની કતલ થતી હતી તે બંધ થઈ છે. વાછરડાં-બળદની કતલ અટકવાથી ખેતીવાડીને માટે કામ કરી શકે તેવા બળદ ઉપલબ્ધ થશે. તેના ખાવા-પીવા-પાણી તેમ જ સારસંભાળની વ્યવસ્થાનો મોટો પડકાર છે જે માટે તમામ વર્ગ દ્વારા યોગદાનની અપેક્ષા રાખવામાં આવે છે.

સૌપ્રથમ તો દાનનો પ્રવાહ ગાય-બળદ-વાછરડાનાં લાલનપાલન તરફ વળે તે માટે વ્યાપક જાગૃતિ થવી જોઈએ. પશુપાલન એ ગ્રામીણ અર્થતંત્રનો વ્યવસાય છે. ત્યાં ભરવાડ-રબારી-આહીર-મતવા અને ખેતી સાથે સંકળાયેલો અન્ય વર્ગ ગાય-બળદ-વાછરડાનું પાલન કરે છે, તેમને ઉછેરે છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં થાય છે, તે ઉપરાંત માલસામાનની હેરફેર - ખેતીવાડીનો પાક વેચાણ માટે અન્યત્ર લઈ જવા બળદગાડાનો ઉપયોગ થાય છે.

ભારતમાં એક અંદાજ પ્રમાણે ૭ કરોડ બળદગાડાં છે. હજુ બીજા સાત કરોડની જરૂરત છે. ગ્રામ્ય વિસ્તારમાં માલસામાનની હેરફેર માટે વધુ બળદગાડાં જો ઉપલબ્ધ થાય તો ટ્રાન્સપોર્ટ કોસ્ટ ઓછી આવે અને ખેડૂતોને તેમના ઉત્પાદનના ભાવ મળે છે, તેમાં ટ્રાન્સપોર્ટની કિંમત જાય છે તે ઓછી થાય અને તેમની વાસ્તવિક આવક વધે.

પશુઓ ચાર રીતે અર્થતંત્રને ઉપયોગી છે.

(૧) ગાય-ભેંસ-ઘેટાં-બકરાં દૂધ આપે છે. તમામ પ્રકારના દૂધની કોઈક ઉપયોગિતા છે અને તે પ્રજાના વિશાળ વર્ગને માટે જરૂરી છે. ઘેટાં-બકરાંનું દૂધ તો સૌથી વધુ પૌષ્ટિક છે.

(૨) પશુઓનું ગોબર જમીનમાં ઉત્તમ ખાતર છે. એક એકરદીઠ ત્રણથી ચાર પશુ હોય તો જમીનને જોઈતા સત્વો તેમાંથી મળી રહે છે. કોઈપણ પશુ બિનઉપયોગી નથી.

(૩) ટ્રાન્સપોર્ટ માટે બળદનો ઉપયોગ ભારતીય અર્થતંત્ર માટે એક જમાપાસું છે. બધી જગ્યાએ હજુ પેટ્રોલ-ડીઝલથી ચાલતાં વાહનો નથી અને તે પરવડે તેમ પણ નથી.

(૪) ભારતની સંસ્કૃતિમાં પશુ-પક્ષી એ સમાજ જીવનનો ભાગ છે. તેઓ પર્યાવરણનું સંતુલન જાળવવામાં અનેક રીતે ઉપયોગી છે એટલે તેમની કતલનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

સમગ્ર વિશ્વ શાકાહાર તરફ વળી રહ્યું છે. યુરોપમાં તો શાકાહાર માટે ઝુંબેશ ચાલી રહી છે તેવે વખતે કેટલાક આળવીતરા લોકો કતલખાનાઓ ભારતમાં વૃદ્ધિ પામે અને ત્યાંથી નિકાસ થતું માંસ યુરોપની પ્રજા ઉપયોગમાં લે તેવી વ્યવસ્થાની ડિઝાઈન ગોઠવીને ભારતને વિદેશી મુદ્રાની જરૂરત છે - તેવી દલીલ આગળ કરી રહ્યા છે. અલબત થોડો સમય આવી વાતો થવાની છે, પરંતુ હવે શેરને માથે સવાશેર જેવો જવાબ મળવાનો છે. ભારતમાં ખેતીવાડીનું ઉત્પાદન વધારીને કોઈ ભૂખે ન મરે તેટલું અનાજ હાલમાં છે. હજુ વધારાના જે પશુઓ છે તેનો ખેતીવાડીમાં ઉત્પાદકીય ઉપયોગ કરીને, ગોબરનો પર્યાપ્ત ઉપયોગ કરીને અનાજ કઠોળમાં સ્વાદ - સત્વશીલતા અને પૌષ્ટિકતા વધે તેવું આયોજન કરવાની જરૂર છે.

ગૌવંશની કતલ પર અનેક રાજ્યમાં પ્રતિબંધ છે. તેમાં મહારાષ્ટ્ર - ગુજરાત - મધ્ય પ્રદેશ - રાજસ્થાન મુખ્ય છે, પરંતુ કેરળ અને પશ્ચિમ બંગાળ જેવા ડાબેરી વિચારધારાના રાજ્યોની આડોડાઈ જોવા મળે છે. આ બે રાજ્યમાં માછલી અને અન્ય સમુદ્રી જીવની હત્યા થઈ રહી છે. ગૌવંશ તો કોઈ વિસાતમાં નથી ત્યાં જાગૃતિ દર્શાવવાની ખાસ જરૂર છે.

દૂધના ઉત્પાદનમાં હજુ વધારો કરવાની જરૂર છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ દ્વારા ગોપાલન થાય તે માટે સ્વૈચ્છિક સંગઠનોએ એક આદર્શ પ્રયોગલક્ષી વ્યવસ્થા માટે અગ્રેસર થવાની જરૂર છે. પશુપાલન એ મહેનત માગી લેતો વ્યવસાય છે. તેમાં મહિલાવર્ગની કામગીરીનો વ્યાપ વધે તો સારાં પરિણામ જોવા મળવાના છે. આથી પ્રત્યેક મહિલાની આવકમાં રૂા.ચારથી પાંચ હજારનો વધારો થશે.

પશુપાલન વ્યવસાયની સફળતાના ત્રણ મુદ્દા છે. (૧) પાણી, (૨) પૂરતો ઘાસચારો અને (૩) મહિલા વર્ગ દ્વારા પશુઓને ચારો પૂરો પાડવો - સાફસફાઈ અને દૂધની વ્યવસ્થા કરવી. આટલી બાબત અંગે જો યોગ્ય રીતે પીઠબળ પૂરું પાડવામાં આવે તો હજુ પશુપાલનનો ગ્રામ્ય વિસ્તારમાં વ્યાપ વધારી શકાય તેમ છે.

ગૌશાળા અને પાંજરાપોળમાં જો પશુઓની સંખ્યા વધવા લાગશે તો તેમનો નિભાવ-સંચાલન-ઘાસચારો-પાણી-સારવાર આ તમામ બાબતો ઘણી ખર્ચાળ પૂરવાર થવાની છે. તેને બદલે એક નાના એકમ તરીકે જે ઘરમાં ગ્રામ્ય સ્તરે ૨-૪ કે ૫ પશુ છે. ત્યાં કોઈક રીતે પાલન થાય તેવી વ્યવસ્થા વધુ સરળ બને છે. જ્યાં એક-બે ગાય છે તેઓ ત્રણથી ચારનો ઉછેર કરે તેવી પ્રોત્સાહક બાબત અમલી બનાવવી રહી.

ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ ખાતે અને જૂનાગઢ જિલ્લામાં જામકા ખાતે આવા સફળ પ્રયોગ થયા છે અને તેના શ્રેષ્ઠ પરિણામ આવ્યાં છે.

ગુજરાત સરકારે ગોચર વિકાસ માટે રૂા.૧૦૦ કરોડની ફાળવણી કરી છે. ગુજરાતમાં ગો સેવા આયોગ દ્વારા ખૂબ જ સારી એવી નમૂનેદાર કામગીરી કરવામાં આવી રહી છે. તેમના કૌશલ્યનો લાભ લેવો જોઈએ.

અર્થતંત્રમાં સંપૂર્ણ ગૌહત્યા પ્રતિબંધના અનેક લાભ મળવા લાગશે. દૂધ-ઘીના વ્યવસાયમાં નવી ચમક જોવા મળશે, પરંતુ તે માટે કેટલુંક ''હોમવર્ક'' કરવું બહુ જરૂરી છે. પશુપાલન ક્ષેત્રની યોગ્ય રીતે ખીલવણી થાય તો નવી એક કરોડ રોજગારી નિર્માણ થઈ શકે તેમ છે, પરંતુ તેના માટે તમામ સ્તરેથી સહયોગ પણ અનિવાર્ય છે. તેમાં નાણાં-સંચાલન અને વહીવટી ક્ષમતા બધી બાબતો જરૂરી છે.

**- લેખક : શ્રી કિશોરભાઈ દવે, મુંબઈ સમાચારમાંથી સાભાર.**

**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય**
**ચંદ્રકાંત કે. વોરા, સુરત**
**તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

## ગો પથી-ગોમૂત્ર અર્કનો ચમત્કાર

હું સીવીલ એન્જીનીયર છું એટલે મારું કામ બીલ્ડીંગ અંગે બહાર દોડધામનું રહ્યું. ૨૦૧૦માં મને સર્વાઈકલ સ્પોન્ડિલાયટીસનો રોગ થયો. જેથી ગર્દન નીચેની ત્રણ ચાર નંબરની ગાદી બહાર નીકળી ગયેલ જેથી જમણા હાથની નસ દબાઈ ગયેલ. જમણા હાથમાં ચેતન જતું રહેલ. અત્યંત દુઃખાવો રહેતો હતો. બે એક મહિના ઘરમાં જ રહેવું પડ્યું. હોસ્પીટલમાં દાખલ થયો. ફીજીયોથેરોપી, ટ્રેક્શન અનેક ઉપચારો ચાલુ થયાં. ૩-૩ાા લાખનું નુકશાન થઈ ગયેલ. પણ ફરી કામે ચડી શકું તે સ્થિતિ તો ન જ થઈ, કામ ધંધો ઠપ્પ થઈ ગયો. એમાં મને એક ડોક્ટરે મને ગોસુસમાવાળા સ્વાસ્થ્ય વૈજ્ઞાનિક ઉત્તમ મહેશ્વરી પાસે મોકલ્યો. એમણે મને દેશી ગાયના ઘી તથા ગોમૂત્રના કેટલાક પ્રયોગો બતાવ્યા અને દસ દિવસ પછી ઉપચાર માટે તેમના ઘરે બોલાવ્યો અને આશ્ચર્ય દસ મીનીટમાં જ દર્દ ગાયબ થઈ ગયું. આજે પાંચ વરસ થયા છે પણ ફરી ક્યારેય કોઈ દર્દ નથી થયું એટલું જ નહીં મારા શરીરમાં બીજા બે ત્રણ રોગો હતા એ પણ હલ થઈ ગયા છે. આજે તો પહેલાની જેમ જ બધા કામ હવે કરી શકું છું.

જે કામ લાખો રૂપિયા ખરચ કરતા છતાં ન મટ્યું તે અત્યંત અલ્પ ૪૦૦૦ રૂ. માં થઈ ગયું આ છે ગોપથીના ગોમૂત્ર અર્કનો ચમત્કાર.

**રાજેન્દ્ર સંખે - વિરાર-મો.નં.૦૯૨૨૬૧૨૭૪૩૩.**

**તંત્રી:** સ્વાસ્થ્ય વૈજ્ઞાનિક ઉત્તમ મહેશ્વરી થોડી ફી તથા ગોશાળા માટે ફાળો જરૂર લે છે. પણ એ બધી રકમ કોઈ ગોસંવર્ધન-દવાઓ–વિ. બનાવે છે તેવી ગૌશાળાને જ આપે છે. છેવટે તો આ રકમ ગો સેવા માટે જ વપરાય છે. નિસ્વાર્થ ભાવે આ કામ થાય છે એટલે જ આવા ચમત્કારિક પરિણામ આવે છે. આવા તો અનેક દાખલાઓ છે.

સંપર્કઃ ગો સુષમા, સી-૧૬૨, આકુર્લી ઈન્ડ. એસ્ટેટ, આકુર્લી માર્ગ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૧૦૧, ટે.નં. ૦૨૨-૪૦૧૬૩૪૩૯-૨૮૪૬૩૪૩૯. મો.નં.૯૮૬૯૪૩૩૪૩૯ / ૮૬૯૩૮૬૯૩૪૫ (સમય ૧૧ થી ૭)

## રાજેન્દ્ર સિંહને સ્ટૉકહોમ વૉટર પ્રાઈઝ

અગ્રણી પર્યાવરણવાદી કર્મશીલ રાજેન્દ્ર સિંહને આ વર્ષનું પ્રતિષ્ઠિત સ્ટૉકહોમ વૉટર પ્રાઈઝ આપવામાં આવ્યું છે. જળસ્રોતોને પુનર્જીવિત કરવાના કલ્પનાશીલ પ્રયાસો અને ભારતનાં ગામડાંઓના લોકોના સશક્તીકરણ માટે અસાધારણ હિંમત દાખવવા બદલ તેમને દોઢ લાખ ડૉલરનું આ પ્રાઈઝ આપવામાં આવ્યું છે. ૧૯૫૯માં રાજસ્થાનમાં જન્મેલા રાજેન્દ્ર સિંહ દાયકાઓથી આ કામમાં લાગેલા રહ્યા છે.

## આને કહેવાય જીવદયા

પોલેન્ડના બિયાલસ્ટોક શહેરની ગલીઓમાં ભટકતા એક શ્વાનનું મોં વાડમાં ફસાઈ ગયું હતું. વાડમાંથી મોં કાઢવા તેણે હવાતિયા મારતા ગાળિયો વધુ કસાયો અને નાક તૂટી ગયું. પરિણામે તેની સૂંઘવાની શક્તિ જતી રહી. મેગ્ડેવિના સમોસાર્સ્કા નામની મહિલાએ આ ડોગીને દત્તક લીધો. શ્વાનનું નામ તેણે પારીસ રાખ્યું અને સર્જરી દ્વારા તેના નાકમાં ટ્યુબ ઈમ્પ્લાન્ટ કરાવી ફરીથી તેને સૂંઘતું કરી દીધું. આને કહેવાય જીવદયા.

## ધરતીએ રસ ચોર્યા..!

શિયાળાની સવારે તાપણું એ નવા સમાચાર નથી, પણ આ વરસે તારીખીયાંનાં પાનાંની આબરૂ જવા બેઠી હોય એમ સવારે ઠંડી પડે છે, બપોરે આકરો તડકો અને સાંજે વાદળા દેખાય છે. સમજણા માણસો કહે છે આ ગ્લોબલ વોર્મિંગની અસર છે, એટલે ક્લાયમેટ ચેન્જ થયું છે અને વાતાવરણ બેકાબૂ થયું છે. વાતાવરણને કાબૂમાં રાખવા જાતજાતનાં સૂચનો થાય છે. કોઈ કહે છે કે વિકાસના અભરખામાં પૃથ્વીને નિંભાડાની જેમ શેકી નાખી છે. વાતાવરણમાં કાર્બન જેવાં ઝેરી તત્ત્વો ભળતાં આમ થયું છે. માણસે સાચવવા જેવું ઘણું ગુમાવ્યું છે.

ચોખ્ખું વાતાવરણ, જીવંત ગામડું, પ્રદુષણ વિનાનું પાણી આ બંધુ સાચવવા જેવું હતું. સગવડોમાં આળોટવા છતાં માનવીને મીઠી નિંદર નથી આવતી, ઊલટું વધુ ત્રસ્ત અને પીડિત જણાય છે. એક સંસ્કૃતિ ચક્રમાંથી બીજી સંસ્કૃતિ ચક્ર તરફ ગતિ થઈ રહી છે. એમાં ભૌતિકતાની દોટ છે. ઝડપ છે, પણ નિરાંત નથી. એટલે જ કદાચ માણસ ઋતુઓથી આગળ નીકળી ગયો હોય એમ કોઈ ઋતુનાં મંડાણ થાય એ પહેલા જ બીજી ઋતુ બેસી જાય છે. રણવિસ્તારમાં ઝૂંપડામાં વસતાં એંશી વરસનાં વૃદ્ધા કંકુમાને ઋતુફેર વિશે પૂછ્યું ત્યારે તેમણે બોખા મોંએ ખડખડાટ હસીને કહ્યું, ભઈલા... માણસે મન ચોર્યા... ને ધરતીએ રસ ચોર્યા... - **અંબુ પટેલ (ખારાઘોડા)** **(સાભાર: નિર્મિત, ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪)**

## કામમાં સુવાસ

કહેવાય છે કે માણસ વહાલું નથી પણ તેનું કામ વહાલું છે. પરંતુ એ કામેય કેવી રીતે થાય છે અને તેમાંથી કેવી સુગંધ ફેલાય છે તેની ઉપર વહાલનો આધાર હોય છે.

કોઈ આવીને બારણે ઘંટડી મારે છે, બારણું ઉઘાડતાં એ પૂછે છે: ફલાણાભાઈ છે? 'ના'ટૂંકો જવાબ આપવાથી કામ પતી ગયું લાગે. પરંતુ એ જવાબ સુગંધ વિનાનો ગણાય.

એને બદલે કોઈ જવાબમાં કહેશેઃ 'માફ કરજો, તમારે ધક્કો થયો. એ તો બહાર ગયા છે, પણ અંદર આવો ને! તમને વાંધો ન હોય તો શું કામ હતું તે જણાવો, તો એ આવશે કે તરત તમારો સંદેશો આપીશ. ચિઠ્ઠી મૂકી જવી હોય તો તમારી બાજુમાં જ કાગળનું પેડ અને પેન છે.' અને આવનાર વ્યક્તિ કામ જણાવીને વિદાય થાય ત્યારે ઘરનું માણસ કહેશેઃ 'એ આવશે કે તરત સંદેશો આપીશ. આવજો!' અને જનાર વ્યક્તિ ઓળંગી જાય પછી પછી જ એ બારણું બંધ કરશે.

આટલાથી એ કામ પૂરું થઈ જાય છે પણ કેવળ કામથી લોકો જિતાતા નથી. એ કામ કેવી ચીવટથી અને વિવેકપૂર્વક આપણે કરીએ છીએ, કામમાંથી સુગંધ કેવી ફેલાય છે તેની ઉપર એ જીતનો આધાર રહે છે.- **(અર્ધી સદીની વાચનયાત્રા ભાગ-૧માંથી સાભાર)**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

## પત્રપ્રસાદી

૧. ગોરક્ષા પાત્રનો પૂર્નજન્મ થયો જાણે! આનંદ આનંદ ગયો છવાઈ, ખૂબ ખૂબ હો બધાઈ!

શ્રીમદ રાજચંદ્રની વાણી, સંતબાલજીની સ્ફૂરણાવલી, પૂ. મહાત્મા ગાંધીનું ચિંતન અને જીવન દર્શન તથા અન્ય લેખો આત્માની સંપદાને સમૃધ્ધ કરે છે. સદૈવ કરતા રહો એવી પ્રભુને અભ્યર્થના. ગો.પા. અધ્યાત્મનું અક્ષયપાત્ર બની રહો.- **કાલિન્દી પરીખ, અમરેલી.**

૨. ગો.પા. પ્રથમ બંને અંક મળ્યા અંતરના અવાજને ઈશારે તેને પુર્નજન્મ આપ્યો તે જાણ્યું પ્રજાના આત્મબળને પુર્ન જીવિત કરવા આપે ગો.પા. નો સહારો લીધો છે તેવી સમજણ લાધી છે. આવા ઉમદા હેતુનું સાહિત્ય વંચાય તેમ સૌ ઈચ્છે જ પરંતુ પ્રકાશન દરમ્યાન સૃષ્ટિ વિનાશમાં ભાગીદાર થવું પડે એ પ્રશ્ન તરફ અંગૂલી નિર્દેશ કરવા આ પત્ર લખ્યો છે. આઠ પાનાના ગો.પા.ના કાગળ, શાહી, કોમ્પ્યુટર, ગ્રાફીક્સ, પોષ્ટ ઈતર વ્યવસ્થા, ફોન વગેરેની સૃષ્ટિ પર અસર ગણતરીમાં લીધી હશે. પત્રિકા સ્વતંત્ર છાપવા કરતાં જે કોઈ આપના ઉદેશોને અનુકૂળ માસિક પત્રિકા હોય તેમાં એક-બે પાના નિયમિત છપાય તો સૃષ્ટિ પર થતો ઘણો અત્યાચાર ઘટે. જેઓને તમો ગો.પા. મોકલો છો તેમાંના ઘણા પાસે કેટલુંય સાહિત્ય આત્મોન્નતિ તરફ લઈ જનારું હશે જ. માત્ર તેમનો અમલ નહી થતો હોય. આચરણનો અભાવ કે તેની પહલનો અભાવ કારણભૂત છે. ક્ષમા યાચના સાથે હાર્દિક શુભેચ્છાઓ..... **ધીરેન્દ્ર સોનેજી, સાકવા, પો.સમારિયા, જિ. નર્મદા-૩૮૩૧૪૫.**

**તંત્રી:** ધીરેન્દ્રભાઈની વાત વિચારવા જેવી છે જ. એમાં ટીકા કરતા શુભભાવના જ દેખાય છે. પ્રશંસા, વખાણ તો બધા કરે પણ સાચી દિશા-સુચનો દર્શાવનારા ભાગ્યે જ મળે છે. ધીરેન્દ્રભાઈનો ખૂબ ખૂબ આભાર. પણ ખાસ તો મકરંદભાઈ કહે છે ને, ''ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ'' મુખ્ય તો આ ભાવનાથી જ આ ગો.પા. નું પુન: પ્રકાશન થઈ રહ્યું છે. જે આનંદ અનુભવાય છે એ સહુને મળે એ જ ભાવના છે.

૪. તમે આપો છો તે સત્વશીલ છે, તે શક્ય હોય તેટલું ચાલું રાખશો. કારણ હવે તેમાં તમારી અંગત સાધના ભળી છે. **મહેન્દ્ર બુચ, રતનપર, સુરેન્દ્રનગર.**

## મેનકા ગાંધીનો આગ્રહ : ગોનાઈલ વાપરો

કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધીએ કૅબિનેટમાંના તેમના સાથીઓને આગ્રહ કર્યો છે કે નુકસાનકારક ફિનાઈલને બદલે ગૌમૂત્રમાંથી બનેલા સર્ફેસ ક્લીનર વડે તમામ સરકારી ઑફિસોમાં સફાઈ કરવી જોઈએ. ગૌમૂત્રમાંથી બનેલા ગૌનાઈલનો ઉપયોગ સફાઈ માટે કરવાની વિનંતી અન્ય મંત્રાલયોને કરતાં મેનકા ગાંધીએ એવી દલીલ કરી હતી કે ગૌમૂત્રમાંથી બનેલું સર્ફેસ ક્લીનર પર્યાવરણને અનુકૂળ છે. હોલી કાઉ ફાઉન્ડેશન નામની એક બિનસરકારી સંસ્થા ગૌનાઈલનું માર્કેટિંગ કરી રહી છે. ગૌનાઈલ સિન્થેટિક બેઝ નથી ધરાવતું એટલે એના લીધે પર્યાવરણને કોઈ નુકસાન નથી થતું, સફાઈની બાબતમાં ફિનાઈલ કરતાં ગૌનાઈલને વધારે અસરકારક ગણાવવામાં આવી રહ્યું છે.

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | રેખાબેન માટલિયા, | અમદાવાદ | ૨૦૦ |
| ૨. | ચિતરંજન વોરા, | અમદાવાદ | ૨૦૦ |
| ૩. | નાનક સાઈ, | અમદાવાદ | ૧૦૦ |
| ૪. | વાસુદેવ વિસનદાસ, | અમદાવાદ | ૧૦૦ |
| ૫. | જયેશભાઈ શાહ, | અમદાવાદ | ૧૦૦ |
| ૬. | જીતેન્દ્ર સંઘવી, | અમદાવાદ | ૫૦૦ |
| ૭. | લવજીભાઈ ચૌધરી, | અમદાવાદ | ૧૦૦ |
| ૮. | ગીરીશભાઈ શાહ, | માટુંગા | ૧૦૦૦ |
| ૯. | અરવિંદ રાવલ, | માલાડ | ૧૦૦ |
| ૧૦. | શાંતીલાલ ગડા, | અંધેરી | ૫૦૦ |
| ૧૧. | વસંતભાઈ, | ? | ૧૦૦ |
| ૧૨. | લક્ષ્મીચંદ સતરા, | મલાડ | ૧૦૦ |
| ૧૩. | દિનેશ કે. મહેતા | સાગર | ૧૦૦ |
| ૧૪. | સુધીર કે. મહેતા | સાગર | ૧૦૦ |

## ગાગરમાં સાગર

- તમે તમારૂં કર્તવ્ય બજાવવા તૈયાર હશો, તો તે સાથે તમને તમારી સાચી લાયકાતની પ્રતીતિ થઈ જશે. - **ગેટે**
- કર્તવ્ય કોઈ ચીજ નથી જેને માપ - તોલ કરીને જોવામાં આવે. - શરદ**ચંદ્ર**
- કંઈને કંઈ કરતા રહેવું એને જ માત્ર કર્તવ્ય નથી કહેતા, કોઈ સમય એવો પણ હોય છે કે, કંઈક ન કરવું એ પણ એક કર્તવ્ય માનવામાં આવે છે. - **શરદચંદ્ર**
- કર્તવ્ય એક એવો આદર્શ છે જે તમને દગો નથી આપતો. **શરદચંદ્ર**
- કર્તવ્ય પરાયણ-જન પ્રશંસાની અપેક્ષા નથી રાખતો. - **સંતવાણી**
- આપણી ઈચ્છામાં આવે તે કરવાને આપણે આ દુનિયામાં આવ્યા નથી, પણ જે કરવાની આપણી ફરજ હોય તે કરવા માટે આવ્યા છીએ. - **ગોનોડ**
- ફરજપરસ્તી કર્તવ્ય માટે તો ઉપયોગી છે જ, પરંતુ સંબંધો માટે હાનિકારક છે. - **બટ્રાન્ડ રસેલ**
- જે કર્તવ્યથી બચતો રહે છે એ લાભથી વંચિત રહે છે. - **થ્યોડોર પાર્કર**
- તારી બુદ્ધિ અને હૃદયને જે સત્ય લાગે, એ જ તારું કર્તવ્ય છે. **મહાત્મા ગાંધી**
- સૌથી સારું એ છે કે, તું તારું કર્તવ્યપાલન કર અને બાકીનું બધું ઈશ્વર પર છોડી દે... **લાંગફેલો**
- અત્યારની ક્ષણોનું કર્તવ્ય પાલન એટલે આવનરા યુગોનો સુધાર. - **એમરસન**
- વીર થવા માટે મનુષ્યને પોતાના કર્તવ્યથી પણ વધુ કામ કરવું પડે છે. - **રોનાલ્ડસ**

**કહેવત:**

- ફરજ એવી વસ્તુ છે, જેની અપેક્ષા માણસ હંમેશાં બીજા પાસેથી રાખે છે. - **અરબી કહેવત**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## ખોવાઈ ગયેલું બાળપણ

દુનિયામાં સૌથી વધુ નિર્દય અને અમાનવીય માબાપ આપને ક્યાં મળશે? નિ:સંકોચ તમે કહી શકો કે તે ભારતમાં અને તે પણ પ્રચુર માત્રામાં મળશે.

અહીં મા બાપ પાસે પુષ્કળ પૈસો છે અને ઘણી બધી મૂર્ખામી પણ છે. આ લોકો દુનિયામાં જો કોઈ વસ્તુ વિશે ઓછુ જાણતા હોય તો તેમના બાળકો વિશે છે.

અહીંના માબાપને ખબર નથી કે તડકામાં રહેવું એ બાળકો માટે જરૂરી છે. વિટામીન ડી કુદરતી રીતે અને તે પણ મફતમાં મળે છે જેને માટે કોઈ ટોનિકની જરૂર નથી.

બાળક માટીમાં નહિ રમે તો મોટો કેમ થશે? તંદુરસ્ત કેમ રહેશે? માટી દ્વારા બાળકના શરીરમાં રોગ પ્રતિકાર શક્તિ ઉત્પન્ન થાય છે. બાળકને ધૂળ માટીથી દૂર રાખવું એ બાળક સાથે દુશ્મનાવટ રાખવા બરાબર છે.

આજની જીવન શૈલી (LIFE STYLE) નો મંત્ર છે બાળકને તડકાથી દૂર રાખો, ખુલ્લી હવાથી દૂર રાખો, માટીથી દૂર રાખો. હા, હવે તો બે વર્ષના ભૂલકા માટે પણ જીમ ખુલ્યા છે.

બાળકને કંઈ ઉમરે શાળાએ મોકલવા જોઈએ? બાળપણના સર્વ શ્રેષ્ઠ ચાર-પાંચ વર્ષ રમવા, ખાવા પીવા અને મોજ મસ્તી કરવા માટે હોય છે. આ અમૂલ્ય સમય બાળક પાસેથી તેના માતા-પિતા છીનવી લે છે અને પ્લે ગ્રુપ, નર્સરી, જુનિયર કે.જી., સીનીયર કે.જી., ડાન્સ ક્લાસ, સ્કેટીંગ વગેરેમાં મોકલે છે. લીસ્ટ લાંબી છે. ત્રણ વર્ષના બાળકને ગરમા ગરમ ખાવાના બદલે ટીફીનનું ઠંડુગાર ખાવાનું ખાવુ પડે છે.

પ્લે ગ્રુપથી પહેલા ધોરણ સુધીના પાંચ વર્ષ બાળકને ક્યાં લઈ જાય છે? બાળકને ગણતરી કરતા નથી આવડતું કે નથી આવડતા અંકગણિતના પ્હાડા. પણ ટી.વી. પર આવતી બધી જાહેરાતો તેમને યાદ રહી જાય છે. રોટલી શાકને બદલે પીઝા-બર્ગર ખાતા થઈ જાય છે. છોકરીઓ ''કાંટા લગા'' ફેઈમ શેફાલી બનવા ઈચ્છે છે તો છોકરાઓ પ્રભુ દેવા બનવા માંગે છે.

ચાર વર્ષનું બાળક મેકડોનાલ્ડ જવા ઘર માથે લે છે તો પાંચ વર્ષની છોકરી ''ફેઅર અને લવલી'' ની માંગણી કરતી થઈ જાય છે. ચોપડીઓનો ભાર, ટ્યુશન, જન્મ દિવસે મળનારી ચોકલેટ, ક્યારેક મધર્સ ડે, ક્યારેક ફાધર્સ ડે, એક દિવસીય પીકનીક અને ફેશન પ્રતિયોગિતા જેવી તમામ વસ્તુઓનો તેમની સામે ઢગલો કરી દેવામાં આવે છે, ખૂટે છે માત્ર એક વસ્તુ અને તે છે તેમનું બાળપણ. હવે કોઈ પોતાના બાળકને કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકવા નથી લઈ જતું, અગાશી પર ચંદ્ર બતાવવા નથી લઈ જતું, હાલરડા ગાઈને કોઈ સૂવડાવતું નથી, દાદીમાની વાર્તાઓ ભૂલાઈ ગઈ છે. દાદા પાસેથી શેકેલા ચણા-શીંગ ખાવાની ટેવ છૂટી ગઈ છે. હવે કોઈ ઘી ગોળનો બનાવેલ ગરમ ગરમ શીરો ખવડાવતું નથી. બાળકો સમયની રફતાર સાથે રહેવા ખૂબ તેજ ગતિથી ભાગે છે, મા બાપની પકડથી ખૂબ દૂર દૂર - **મૂળ લેખક શ્રી અક્ષય જૈન, ભાવાનુવાદ - શ્રી શાંતિલાલ ગડા, અંધેરી- ''યહ આઝાદી જુઠી હૈ'' માંથી સાભાર.**

## ભારત પર અબ નજરેં ઉનકી...

ગલા હમારા, ગાના ઉનકા,
પેટ હમારા, ખાના ઉનકા,
સડક હમારી, કારેં ઉનકી,
સંસદ મેં સરકાર ઉનકી।

બદન હમારા, સાબુન ઉનકા,
બાસમતી ઔર જામુન ઉનકા,
દેશ હમારા, નેતા ઉનકા,
અફસર ઔર અભિનેતા ઉનકા।

ખેત હમારે, ફસલેં ઉનકી,
કૉન્વેંટ મેં નસ્લેં ઉનકી,
કલમ હમારી, ખબરેં ઉનકી,
ભારત પર અબ નજરેં ઉનકી।

**- ''યહ આઝાદી જુઠી હૈ'' માંથી સાભાર.**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ०૬૪.**
**મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧ થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ०૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**